Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૨૯ • તા. ૧૭ જુલાઈ ૨૦૧૭ થી ૨૩ જુલાઈ ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબેમાં ની સમુહ પહેડી - નલિયા

સંવત ૨૦૭૩, અષાઢ સુદ - ૨(બીજ),રવિવાર તા. ૨૫-૦૬-૨૦૧૭


જવાલામાલિની પૂજન


પુજન માં બેઠેલ ભાવિકો


ભકિત ભાવના


કવિ શ્રી તેજ નુ સન્માન


ભુવાશ્રી કુસુમશેઠ નુ સન્માન


શ્રી લહેરચંદભાઈ નુ સન્માન


માતાજીની આરતી


કુળદેવી શ્રી અંબેમાં


યુવાન કાર્યકર્તા


ભકિત ભાવના


કુળદેવી શ્રી અંબેમાં ની પહેડી


કુળદેવી શ્રી અંબેમાં ની ધજા


કુળદેવી શ્રી અંબેમાં ના ભાવિકો


કુળદેવી શ્રી અંબેમાં ના ભાવિકો


ભાવતા ભોજનીયા

# Congratulations Shilpa Ajani !

## On becoming the President of Inner Wheel Club of Bombay Seacoast

Inner Wheel is one of the largest Women's Voluntary Service Organization spread over 103 countries



Acceptance speech after being installed as the President (Jul '17)

"I am proud to be a part of Inner Wheel"

– Shilpa Ajani



Shilpa Ajani with her Team and Dignitaries (Jul '17)

### Glimpses of Shilpa Ajani's trailblazing Inner Wheel Journey



Best Talent Trophy at Delhi (2015)



2nd Prize in Cooking Competition judged by Master Chef Sanjeev Kapoor (2015)



1st Prize for Solo Dance at Nashik (2015)



Golden Certificate of Excellence (2015)



Best ISO Award (2016)

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

મુકેશ ભવાનજી લોડાયા

ઉદયન લાલજી શાહ

**અંક નં. 29/2017**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


# સ્વામિવાત્સલ્ય

ગયા વર્ષે પરમ ઉપકારી ગચ્છાધિપતી પ્રેમસુરીશ્વરજી મહારાજ સાહેબ કાળધર્મ પામ્યાના સમાચાર સાંભળ્યા હતા. પરંતુ તે સમાચારની સાથે એક વિગત હતી તે કદાચ બહુ ઓછા લોકોના ધ્યાન પર આવી હશે.

તેઓશ્રીએ અંતિમ શ્વાસ સૈફી હૉસ્પિટલમાં લીધા હતા. આ સૈફી હૉસ્પિટલ એક શિયા મુસ્લિમ સમુદાયના વહોરાજી કમ્યુનિટિએ મુંબઈ ચર્નીરોડ સ્ટેશન સામે બનાવેલ અત્યાધુનિક હૉસ્પિટલ છે.

વહોરા સમાજ, જૈન સમાજથી પણ ઓછી સંખ્યા ધરાવતો શાંતિપ્રિય વેપારી સમાજ છે. પોતાના આગવા પહેરવેશ અને મિઠી બોલી તેમની ઓળખ છે. સવાલ હવે આવે છે. મેડિકલ ક્ષેત્રે અને એજ્યુકેશન ક્ષેત્રે આપણે કેટલા લાચાર છીએ કે આપણા જૈન સમાજના એક ગચ્છના ગચ્છાધિપતિશ્રીને અન્ય સમાજની હૉસ્પિટલમાં સારવાર લેવી પડે છે.

ધર્મની વ્યાખ્યા કરનારાઓએ ધર્મને બહુ જ સિમિત દાયરામાં રાખ્યો છે. જ્યાં દેરાસરોની વણઝાર છે ત્યાં એક પછી એક દેરાસરનું નિર્માણ થઈ રહ્યું છે (વાત ટીકાની નથી પરંતુ સત્ય સમજવાની છે.) ઉત્સવો, મહોત્સવોમાં પાછી પાની થતી નથી. બધાયને ભવ્યાતિભવ્ય જ કરવું છે.

પરિસ્થિતિ એવી છે કે ધર્મ એટલે માત્ર ક્રિયાકાન્ડ અને ભાવજગતની યાત્રા. જાણે કેટલાયે કિલોમિટર સુધી ધર્મને માનવતા સાથે કોઈ જ સંબંધ નથી તેવા વાતાવરણનું નિર્માણ થઈ રહ્યું છે. ધર્મ આદર કરતાં ડર અને લાલચથી વધુ પળાઈ રહ્યો છે.

જેમણે જીવ માત્ર સાથે કરુણાનો ભાવ દર્શાવ્યો છે તે જૈન ધર્મ માત્ર ક્રિયાકાંડ પુરતો સિમિત બની રહ્યો છે. શ્રીમદ રાજચંદ્રે જેને ક્રિયા જડ કહ્યા હતા તેવા આપણે જડ થઈ રહ્યો છીએ.

આજે સહુથી વધારે લાચારી મધ્યમવર્ગને શિક્ષણ, મેડિકલ અને સ્વરોજગારી ક્ષેત્રમાં છે. તેમાં વહોરા સમાજની કેટલીક બાબતો આપણે સમજવા જેવી છે, અપનાવવા જેવી છે. તેઓ સાધર્મિક ભક્તિ કે સ્વામિવાત્સલ્ય શાને માને છે તે આપણે જોઈએ.

૧) દરેક વહોરા વ્યક્તિને એક આઈ કાર્ડ આપવામાં આવ્યું છે. જે તેમનો પરમેનેન્ટ નંબર છે. સમસ્ત સમાજના સભ્યોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું છે.

૨) કોઈપણ વહોરા સભ્યને ધંધો કરવા માટે ૫ લાખની વગર વ્યાજની લોન ૨ રેફરેન્સ સાથે તેમજ ગોલ્ડની સામે જોઈએ તેટલી લોન વગર વ્યાજથી આપવામાં આવે છે.

૩) સમાજના આર્થિક રીતે નબળા ૨૫% પરિવારોને મેડિકલ/એજ્યકેશન સંપુર્ણ ફ્રી આપવામાં આવે છે.

ત્યારે વિચાર આવે છે કે શું આપણે ફક્ત સ્વામિવાત્સલ્ય એટલે જમણ, ખાસ કરીને પર્યુષણ પુરતા જમણ આપીને આપણું કર્તવ્ય પુરૂં થઈ ગયું એમ માનીએ છીએ?

જ્યારે સમાજનો મધ્યમ વર્ગિય સાધર્મિક લાચાર છે તેમાં પણ ડાયાલિસીસ જેવી લાંબી બિમારીમાં તો મધ્યમવર્ગની હાલત અત્યંત કફોડી થઈ જાય છે.

સ્વામિવાત્સલ્ય અર્થ તો ઘણો વિશાળ છે. ભગવાન મહાવીરે તો ત્યાં સુધી કહ્યું હતું કે ૮૪ લાખ યોનીના જીવ માત્ર પ્રત્યે તું કરૂણા રાખ. દરેક માનવની, જીવસૃષ્ટિની તું સેવા કર, એમના પ્રત્યે કરૂણાભાવ દેખાડ.

અત્યારની આર્થિક પરિસ્થિતિનુસાર ભલે આપણે દરેક પ્રાણી માટે કશું ના કરી શકીએ, પૃથ્વી પર વસતા ૪૫ લાખ જૈનો માટે પણ કશું ના કરી શકીએ, પરંતુ આપણા જ્ઞાતિના ૩૨ હજાર બાંધવો માટે તો કંઈક કરી શકીએ.

જૈન ધર્મના પારંપારિક શબ્દોમાં સ્વામિવાત્સલ્ય એ એક મહાન શબ્દ આપણને આપણા ધર્મધુરંધરો આપી ગયા છે. એને વિશાળ અર્થમાં જોઈએ અને જ્ઞાતિ બાંધવોની દરેક ક્ષેત્રે સેવા કરીએ. ભલે પછી એ આવાસ યોજના હોય, શિક્ષણ હોય, મેડિકલ હોય કે પછી વૃધ્ધાવસ્થા હોય. સાધર્મિક ભક્તિ એ સ્વામિવાત્સલ્ય (જમણવાર) પુરતી સિમિત ના થાય.

તાજેતરમાં જ આપણને લીડરશીપ સમીટમાં જાણકારી મળી છે કે આવનારા ૫૦ વર્ષોમાં આપણી જ્ઞાતિમાં વૃદ્ધોની

**જાહેરાત કર્તાઓ એ નોંધ લેવા વિનંતી.**

આપ સૌ જાણો છે કે ૧ જુલાઇ ૧૭થી **GST** અમલમાં આવેલ છે. જે મુજબ કાનુની નોંધણી થયા પછી જાહેરાત પર **5% GST** લાગશે. તેની સૌએ નોંધ લેવી.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

સંખ્યા જ વધવાની છે. કારણ કે એક બાળકની પરિકલ્પનાથી આપણી જ્ઞાતિ ધીરે ધીરે વૃધ્ધ થતી જશે માટે આજ થી જ એમના માટે કલ્યાણકારી યોજનાનું પ્લાનીંગ બનાવીએ. અન્યથા આપણા વૃધ્ધો બેબસ, લાચાર અને પાંગળા બની જશે. જેનો દોષ આપણને જ લાગવાનો છે.

યુરોપ, અમેરિકા જેવા પાશ્ચાયત દેશોમાં કલ્યાણકારી યોજના વર્ષોથી ચાલુ છે અને લગભગ ૯૯ ટકા વૃધ્ધો સુખી છે. આપણી સરકારને આવી યોજનાઓ અમલમાં લાવતાં હજી સોથી - બસો વર્ષ લાગશે. એટલે જો આજથી જ પ્લાનીંગ કરશું તો આપણી જ્ઞાતિ બાંધવોને કોઈ આંચ નહીં આવે.


આપણને મળેલા ઊંચા શબ્દને એટલે કે સ્વામિવાત્સલ્ય શબ્દને આપણે સાર્થક કરીએ. અને વિશ્વમાં આપણી જ્ઞાતિની ઓળખને સાર્થક બનાવીએ.

નરેન્દ્ર મોદી જેવા વડાપ્રધાન જ્યારે સમગ્ર દુનિયા ફરી રહ્યા છે ત્યારે દરેક દેશમાં પોતાના વક્તૃત્વમાં આપણી જ્ઞાતિનો દાખલો આપીને આપણી જ્ઞાતિનું ઉદાહરણ લેવાનો આગ્રહ કરી શકે જેથી દુનિયા આખી આપણા ધર્મથી અને આપણી જ્ઞાતિથી પ્રભાવિત અને ઈન્સપાયર્ડ થાય. ઝનૂનથી લડશું તો જ્ઞાતિને એક નવી ઊંચાઈએ ચોક્કસ લઈ જશું.

**- પ્રવીણ લોડાયા,** વડોદરા

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા અન્યથા જાહેરાત આપવી : વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યા એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી તેમ છતાં જાહેરાતના માધ્યમ દ્વારા આવી વિગતવાર માહિતી આપી શકાશે.**


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



# શ્રી નલિયા નાગડા ગોત્રના અંબેમાતાને નમતા ભાવિકોની સમૂહ પહેડીનો અહેવાલ

શ્રી નાગડા ગોત્રના ભાવિકો દ્વારા નલિયામાં તા. ૨૪-૬-૨૦૧૭ અને તા. ૨૫-૬-૨૦૧૭ના બે દિવસીય પ્રોગ્રામો સાથે સમૂહ પહેડીનું ખૂબજ ઉત્સાહ અને ઉમંગથી આયોજન થયું હતું આ પ્રસંગે દેશાવરથી ૧૭૫ થી વધુ ભાવિકો આ પહેડી પ્રસંગ ઉજવવા પધારેલ હતા.

પહેલા દિવસે એટલે તા. ૨૪-૬-૨૦૧૭ ના સવારના ૯:૩૦ કલાકે માતાજી તથા ક્ષેત્રપાળ દાદાની બહારથી પધારેલા અને સ્થાનિક ભાવિકો દ્વારા અતિ પવિત્ર વિધિ એટલે નીમાલ કરવામાં આવ્યું હતું. બપોરે ૧૨:૩૯ વિજય મુર્હતે શ્રી ગોવિંદજી આણંદજી નાગડા - તેરાવાલા હસ્તે શ્રી જનકભાઈ જયંતીલાલ નાગડા (નાંદેડ) પરિવાર દ્વારા શ્રી નલિયા તીર્થના અધિષ્ઠહિક શ્રી ચન્દ્રપ્રભ સ્વામીના શાસનદેવી જવાલામાલિની દેવીનું પૂજન શ્રી કેવલભાઈ શાહ અને સંગીતકાર નિશા સંઘવી અને સાથી કલાકારો ના સથવારે ભણાવવામાં આવ્યું હતું. આ પરિવાર દ્વારા સંપૂર્ણ નલિયાવાસીઓ સાથે સાધર્મિક ભક્તિરૂપે બપોરે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પૂજન પ્રસંગે જીવદયા માટે ઉત્તમ ફાળો થયો હતો અને તે રાત્રે નિશા સંઘવી અને સાથી કલાકારોએ અવનવા ભક્તિ ગીતો રજુ કરી ભાવિકોને મંત્રમુગ્ધ કર્યા હતા. તે રાત્રે આરતીનો ચડાવો માતુશ્રી મધુરીબેન કુલીનકાન્ત નાગડા હસ્તે શ્રી કેતન કુલીનકાંત નાગડા તેરા (નાંદેડ ) પરિવારે લીધો હતો.

આ પ્રોગ્રામની સાથે આ સમિતિના વરિષ્ઠ સભ્યો શ્રી કુસુમકાંત વર્ધમાન નાગડા, શ્રી તેજપાળ ધારશી નાગડા તથા શ્રી લહેરચંદ હીરજી નાગડાનું એમની વયને ધ્યાનમાં રાખતા વર્ષોથી સેવા આપવા બદલ બહુમાન કરી એમની જગ્યાએ યુવા સમિતિની રચના માટે આહવાન કરવામાં આવ્યું હતું તથા આ પહેડી-પ્રસંગ માટે મળેલ અનુદાનના લાભાર્થી પરિવારોનું પણ આભાર વ્યક્ત કરવામાં આવેલ હતું.

બીજા દિવસે એટલે ૨૫-૬-૨૦૧૭ ના (આષાઢી બીજ) ના સવારે ૯:૦૦ કલાકે સર્વે ભાવિકો પહેડી માટે ઉપસ્થિત થઈ ગયા હતા. સૌ પ્રથમ આ ચડાવાના લાભાર્થી અતિ ઉત્સાહપૂર્વક માતુશ્રી મધુરીબેન કુલીનકાન્ત નાગડા હસ્તે શ્રી કેતન કુલીનકાંત નાગડા પરિવાર દ્વારા પહેડી પ્રસાદ અને ધ્વજા વાજત ગાજતે લઈ માતાજીને ચડાવવામાં આવેલ. માતાજી દ્વારા સર્વે ભાવિકોને આશીર્વાદ અને જુવાર મંજુર થયા છે એવો સંદેશો મળતા જયનાદથી આ પ્રસંગને વધાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સ્વ. અ.સૌ. દીમુબાઈ થતા ગોરબાઈ લખમશી નાગડા અને સ્વ. અ.સૌ. હિના નરશી લખમશી નાગડા - નલિયા (ઘાટકોપર) પરિવાર તરફથી માતાજી ને સોનાનો હાર, શ્રી ચીમનલાલ આણંદજી નાગડા - તેરા (નાંદેડ) હસ્તે દિનેશભાઇ નાગડા પરિવાર તરફથી માતાજીના સ્થાનકને ચાંદીનો તોરણ, તથા શ્રી પ્રફુલ મુલજી નાગડા - જખૌ (ચેમ્બુર) પરિવાર તરફથી મંદિરને ચંદરવો અને પોઠીયો, માતુશ્રી હિરાવંતીબેન રામજીભાઈ નાગડા હસ્તે રાજેશભાઈ વડોદરા પરિવારે તરફથી ૧૦ ખુરશીઓ ભેટ મળેલ હતી.

આ ત્રણ દિવસના પ્રોગ્રામમાં જુગલ માણેકજી નાગડા, મહેશ ખીમજી નાગડા, મહેશ શામજી નાગડા, ચેતન લહેરચંદ નાગડા, ઋષભ તેજપાલ નાગડા, શ્રેણિક તેજપાલ નાગડા અથાગ મહેનતના પરિણામરૂપ સફળ આયોજન થયું હતું. આ સાથે શ્રી નલિયા જૈન જ્ઞાતિ મહાજન, શ્રી નરશીનાથા ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી ચન્દ્રપ્રભ અતિથિગૃહ અને નલિયાવાસીઓ દ્વારા સંપૂર્ણ સહકાર મળ્યો હતો. તેમજ પ્રતીક કેટરર્સના ભીખુભાઇએ બંને દિવસ સુંદર ભોજન તથા મંડપ અને સાઉન્ડ માટે કિરણભાઈ મોતા, વિડિયોગ્રાફી માટે ઋષભ નાગડા અને મનીષ મોમાયા દ્વારા સુંદર સહયોગ મળ્યો હતો. નાગડા ગોત્ર પરિવાર સહુનો આભાર વ્યક્ત કરે છે.

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો
# શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જિદ બંદર જૈન સંઘ, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

## ધ્વજાના વધામણા પ્રભુ અનંતનાથના ધામે

અલબેલા દાદા અનંતનાથની લીલા છે અપરંપાર ૧૮૪ વર્ષથી જેમણે કર્યું છે મસ્જિદ બંદર ઉપર રાજ્ય એવા પ્રભુના દેરાસરની ધ્વજા મહોત્સવ પ્રસંગના પડગમ વાગી રહ્યા છે. શ્રી અનંતનાથ દાદાની છાયા અચલગચ્છાધિપતિશ્રીના આશિષ વર્ષાની સાથે **પ.પૂ. સાધ્વી મુખ્યા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ. સાધ્વી શ્રી નંદીષેણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી શ્રી શાસનપ્રભાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી શ્રી સુનયનાશ્રીજી મ.સા.**નો શુભ સાનિધ્ય તેમજ **યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા.**નો સંગાથ જે બનાવશે પ્રસંગને દેદિપ્યમાન.

## ત્રિહાન્હિકા મહોત્સવ

| | |
|---|---|
| **પ્રથમ દિવસ** | **નેમનાથ ભગવાનનો જન્મ કલ્યાણક શ્રાવણ સુદ-૫ તથા દીક્ષા કલ્યાણક શ્રાવણ સુદ-૬** ચાલો આપણે ઉમંગભેર ઉજવીયે નેમનાથ ભગવાનનો જન્મ/દિક્ષા કલ્યાણક શ્રાવણ સુદ - ૭, તા. ૩૦-૦૭-૨૦૧૭ રવિવાર સવારના ૯.૦૦ કલાકે અનંતનાથ દરબારે **ધ્વજા મહોત્સવ - ત્રિહાન્હિકા મહોત્સવ દરમ્યાન સાંજના ૭.૩૦ કલાકે ''શ્રી કુમારપાળ રાજાની મહાઆરતી''** |
| **બીજો દિવસ** | શ્રાવણ સુદ - ૮, તા. ૩૧-૦૭-૨૦૧૭ સોમવાર સવારના ૯.૦૦ કલાકે **''અઢાર અભિષેક''** સાંજના ૮.૦૦ કલાકે **''મહાકાળી માતાની ભાવના''** |
| **ત્રીજો દિવસ** | શ્રાવણ સુદ - ૯, તા. ૦૧-૦૮-૨૦૧૭ મંગળવાર ''ધ્વજા મહોત્સવ'' એક જિનાલય નહિ પણ એક તીર્થ જ્યાં ૨૪ જિનાલય છે. સાંજના ૮.૩૦ કલાકે ભક્તિ ભાવના... |

એવા અનંતનાથજી ૨૪ જિનાલય મહાતીર્થની ૧૮૪મી વર્ષગાંઠની ધ્વજારોહણ સાથે સત્તરભેદી પૂજા સવારના ૮.૦૦ કલાકે, ધ્વજા રોહણ મહોત્સવ બાદ **''નાત જમણ''** રાખવામાં આવેલ છે, સાંજના ભાવના ૮.૩૦ કલાકે.

**તા.ક.: ૨૩-૦૭-૨૦૧૭ને રવિવારના અનુષ્ઠાન દરમ્યાન કુમારપાળ રાજાની આરતી, અઢાર અભિષેક તથા ધ્વજાના ચડાવા લેવામાં આવશે.**

## ખાસ સભા

### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

મુંબઈ મહાજનશ્રીની એક ખાસ સભા શ્રાવણ સુદ ૯ ને **મંગળવાર, તા. ૦૧-૦૮-૨૦૧૭ના સવારના શ્રી અનંતનાથજી મહારાજ જિનાલય,** મસ્જિદ બંદરમાં ધ્વજારોહણ દરમ્યાન એકત્ર થશે, જેમાં નીચે મુજબ કાર્યસૂચી હાથ ધરાશે.

શ્રી પર્યુષણ દરમ્યાન શ્રી કલ્પસૂત્ર (પોથી) ઘરે પધરાવવાના ઘૃતની ઉછામણી બોલાવી આદેશ આપવામાં આવશે. ઉલ્હાસભેર લાભ લેવા વિનંતી.

**એજ લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

**રમેશ હીરજી લોડાયા** - માનદ્‌મંત્રી    **ચેતનકુમાર ખીમજી મોમાયા** - માનદ્‌મંત્રી

**નોંધ :** જે કોઈ ભાગ્યશાળી પરામાંથી પોથી પધરાવવાનો લાભ લેશે. તેને જાગરણ માટે મહાજનશ્રી દ્વારા મસ્જિદ બંદર ખાતે વ્યવસ્થા કરી આપવામાં આવશે.

## આરોગ્ય પ્રકાશ : ભુલકણાપણું અને અલ્ઝાઈમર્સ

– **ડૉ. વીરચંદ લખમશી નાગડા,** M.B.B.S. (Bom), **મુલુંડ, M : 09757303562 / 07069621931**

અમુક ઉંમર થાય પછી આપણે અમુક વાતો, વસ્તુઓ ભુલતા હોઈએ છીએ. વ્યક્તિના નામ, ફોન નંબર, અમુક વસ્તુ કયાં મુકી દીધી, મેઈન દરવાજો બંધ કર્યો કે નહીં, ગેસ બંધ કર્યો કે નહિ, તાળુ બરાબર લગાવ્યુ કે નહિ, ઘરની બહાર જતી વખતે બધી વસ્તુ લીધી કે નહિ વગેરે વગેરે. આવું થાય ત્યારે અમુક લોકોને એમ થાય કે મને 'અલ્ઝાઈમર્સ' નામનો રોગ થયો છે. આજકાલ જવાનોને પણ ફાસ્ટ લાઈફ, ફાસ્ટ ફુડ, કેફીન ધરાવતા કોલ્ડ ડ્રીન્કસ લેવાને લીધે, અમુકને દારૂ–સીગારેટના વ્યસનને લીધે અમુક ચીજો ભુલાય એ સામાન્ય થયુ છે. ફક્ત ભુલવાની તકલીફને 'અલ્ઝાઈમર્સ' રોગ થયો છે એમ માનવું ભુલભરેલું છે.

અલ્ઝાઈમર્સ ૬૫ વર્ષની ઉંમર પછી થાય છે. આ બિમારીમાં ભુલકણાપણું, ભાષાનું ડીસફંક્સન એટલે કે અમુક વસ્તુના મૂળ નામ ભૂલવા, સાધનો માટેના શબ્દો ભૂલી જવા દા.ત. મોબાઈલને બોક્સ કહેવું. અમુક ચીજોનું જજમેંટ બરાબર ન કરી શકવું દા.ત. મોબાઈલ ફ્રીઝમાં રાખવું. છત્રી વોશિંગ મશીનમાં રાખવી એટલે કે વસ્તુઓને એની યોગ્ય જગ્યાએ મુકવાને બદલે બીજી અયોગ્ય જગ્યાએ મૂકવી, મુડમાં વારંવાર ફેરફાર થવો, કોઈ વ્યક્તિ પર વધુ પડતી શંકા કરવી, સામાન્ય કામ કરતી વખતે કંટાળો આવવો, પૈસાની લેવડદેવડ વખતે ગણતરી બરાબર ન થવી, તારીખ, વાર, મહીનો, વર્ષ કઈ સીઝન ચાલે છે વગેરે ભૂલી જવું, પોતાનું ઘર, હૉસ્પીટલ કે બિલ્ડીંગ, એના કયા ફ્લોર પર પોતે જવું છે એ ભૂલી જવા, શહેર, રાજ્ય, દેશ ભૂલી જવા વગેરે તકલીફો થાય. આમ આ બિમારી ખૂબ જ તકલીફદાયક હોય છે.

**ઉપચાર :** જેમને આ તકલીફ શરૂ થઈ હોય એમણે તરત જ ન્યુરોલોજીસ્ટને બતાવી જે ગોળીઓ એ લખી આપે એ બરોબર લેવાની ઉપરાંત એમણે જીવનશૈલીમાં ફેરફાર કરવાની જરૂર છે. ખાવાપીવાથી માંડી ઉંઘવા માટે ચોક્કસ સમય નક્કી કરવો જોઈએ. ખાવાપીવામાં પાંદડાવાળી ભાજીઓ (બી કોમ્પ્લેકસથી ભરપુર હોય છે, એન્ટી ઑક્સીડંટ, વિટામીન્સ, ખનીજોથી ભરપૂર એવા શાકભાજી, ફળો, ડ્રાયફ્રુટસ, દુધ, દુધની ચીજો, સીંગદાણા (હાઈ બી.પી., હૃદયરોગીએ ન લેવા), વટાણા, મગ ખાસ કરી ફણગાવેલા મગ, આંબા (ડાયાબિટીજવાળાએ ન લેવા) સોયાબીન, રાજમા વગેરે લેવા. પાલકમાં વિટામિન બી ભરપૂર હોય છે જે હૉમોસિસ્ટિનનું પ્રમાણ શરીરમાં નિયંત્રિત કરે છે. એક સંશોધન પ્રમાણે હૉમોસિસ્ટિનનું પ્રમાણ જો શરીરમાં વધી જાય તો વિસ્મૃતિ કે ગાંડપણનાં લક્ષણો જણાતા હોય છે. એક જ જગ્યાએ બેસી ન રહેતા ઘરના કાર્યો, ઘરમાં હલનચલન કરીએ અને નિયંત્રિત કસરત–જોગીંગ કરીએ જેથી મગજમાં લોહી ફરતું રહે. કસરતથી સ્મરણ શક્તિ વધે છે. એક જગ્યાએ બેસી રહેવાથી લોહી શરીરમાં અને મગજમાં ઓછું ફરે છે, જે આરોગ્ય માટે નુકશાન કારક છે. દારૂ, બીડી, સીગારેટ જેવા વ્યસનથી દૂર રહો.

**અલ્ઝાઈમર્સ ન થાય તે માટે શું કરવું :** ઉપર ઉપચારમાં

## વડિલશ્રીને પુષ્પાંજલિ



જન્મ :
તા. ૧૨/૦૨/૧૯૪૭

સ્વર્ગવાસ :
તા. ૨૧/૦૫/૨૦૧૭

**સ્વ. તરલાબેન મણિકાંત ધુલ્લા**

જખૌ – મુલુંડ

આપની પાસેથી મેળવી જ્ઞાતિભાવના,
આપ રાખી જીવનના અંત સુધી ઉદારદીલ ભાવના,
સ્નેહના સરવાળાને, હેતના મહાસાગરને
પ્રેમની પરમ જ્યોતિને અંતરભિની **ભાવંજલિ,**
સ્મૃતિસભર **સ્મરણાંજલિ,** લાગણીભરી **શ્રધ્ધાંજલિ...**
**આપના આશિષ સદૈવ મળતા રહે એજ પરમાત્માને પ્રાર્થના.**

: શોકાતુર :

**ભલારા કેટરર્સ**

**દિપેશ ચિમનલાલ મોમાયા** (વરાડીયા)

**Last Few days left!**

Get **10 to 50%** Discount

**Monsoon Sale**
from "15th to 23rd July 2017"
on ready items.

જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

28, Gani Mansion, Shop No.1, Behind Arora Theatre,
Opp. Sahakari Bhandar, King's Circle, Matunga (E),
Mumbai - 400 019. **Tel.: 2404 3995**
**P.S.: Sunday open during SALE.**

બતાવ્યું છે એમાં ગોળીઓ છોડીને બધુ જ કરવાની જરૂર છે. આ ઉપરાંત ફૂરસદના સમયમાં નિષ્ક્રીય બેસી રહીએ કે ફક્ત ટી.વી. સામે બેસી રહેવાને બદલે ઉખાણા, ટ્રીકી સવાલો, સામાન્ય જ્ઞાનના સવાલ, સુડોકુ, આડી ચાવી - ઉભી ચાવી વાળા કોડા ભરવા, આર્ટ વર્ક, નવી ભાષા કે નવું નવું શીખવા પ્રયાસ કરવો, મોટી ઉમરે પણ સ્માર્ટફોન વાપરતા શીખવું (દિવસે ને દિવસે આપણા જીવનમાં એની જરૂરિયાત વધતી જાય છે.) ચેસ, બ્રીજ, પત્તાની રમતો વગેરે નવી નવી રમતો રમવી. આમ આપણને જે ગમતું હોય તે કરવું કે શીખવા પ્રયત્ન કરવા. નવા વ્યંજનો બનાવવા ને શીખવા પ્રયત્ન કરવા. મગજને નવરું પડવા ન દેવું. આમ કરવાથી મગજના દરેક કોષ સક્રિય થાય અને મગજ કાર્યરત રહે, જ્ઞાનતંતુઓ સક્રિય રહે. મગજને જેટલું વાપરશું એટલું એ આપણને મદદ કરશે. ટી.વી. સામે કે એમજ નિષ્ક્રીય બેઠા રહીશું તો મગજની ક્રિયા મંદ પડશે. અને ધીરે ધીરે વ્યક્તિઓના નામ, ઍડ્રેસ, મળેલ વ્યક્તિ કોણ વગેરે ધીરે ધીરે ભૂલતાં જઈશું અને આ તકલીફ વધશે.

નિષ્ક્રિય કે ટી.વી. સામે બેસી રહેવાથી હલનચલન નહીં થાય એટલે કમરનો દુઃખાવો, ડાયાબીટીઝ, હૃદયરોગ અને લોહીની નસોની બિમારી લાગુ પડવાની શક્યતા પણ વધી જાય છે. હલનચલન કરવાથી, ચાલવાથી, કસરતથી, લોહી આખા શરીરમાં ફરે છે અને મગજ સાથે આખા શરીરને ઑક્સિજન મળે છે. મગજ અને શરીરના દરેક કોષને પુરતા પ્રમાણમાં ઑક્સિજન મળે, પોષણ મળે તે ખૂબજ જરૂરી છે. શહેરમાં રહેનાર ને હવામાં પોલ્યુશન અને વળી નિષ્ક્રિય બેસી રહીએ તો બેવડું નુકશાન. ટી.વી. સામે સતત જોયા કરવાથી ગરદનના મણકા પર એક સરખું પ્રેસર આવે છે, પીઠ અને ખભા ઉપર વધુ પડતું જોર આવવાથી ત્યાંના સ્નાયુઓને નુકશાન થાય છે. વધુ વખત બેસી રહેવાથી, લોહીનું ભ્રમણ ઓછું થવાથી કમરના મણકા વચ્ચે આવેલ ગાદીને લોહી અને પોષણ ઓછું મળવાથી ગાદીનું એની જગ્યાએથી ખસવું (Prolapse of Dise) અને ગાદીને ઘસારો થવાની શક્યતાઓ વધી જાય છે. લીગામેન્ટસ્ (સાંધાને એની સ્થિતિમાં રાખનાર) અને ટેન્કન્સ (સ્નાયુના છેડા)માં કેલ્શિયમ જમા થઈ પીઠમાં કડકપણું આવે છે. આમ નિષ્ક્રિય બેસી રહેવાથી મગજને નુકશાન થાય છે તેમજ ઉપર જણાવેલ બધી તકલીફ પણ થાય છે.

ટી.વી. ની અમુક સીરીયલ, મેચ કે ફિલ્મ જોઈએ ત્યારે મગજને બહુ કામ કરવું નથી પડતું કે સક્રિય નથી રહેતું. ટી.વી.માં આવતા સવાલ-જવાબ,ક્વિઝ જેવા પ્રોગ્રામ જોઈએ તો ઠીક વાત છે. ટેન્શન દૂર કરવા દિવસમાં એકાદ બે કાર્યક્રમ જોઈએ તે ઠીક છે.

અતિશય સ્થુળ વ્યક્તિએ કસરત કરીને વજન નિયંત્રણમાં રાખવું, ઠંડા પીણામાં કેફીન અને બીજા કેમીકલ્સ, પ્રીઝરવેટીવ હોય છે તેનો ત્યાગ કરી બજારૂ, હૉટલના ખાદ્યમાં મીઠું અને સાકર વધુ પ્રમાણમાં હોય છે. વસ્તુ વધુ ટકે તે માટે વેપારીઓ તેમાં ટ્રાન્સફેટ (એક પ્રકારની ચરબી) નાખે છે જે નુકશાનકર્તા છે. તેથી બહારના ખાદ્યનો ત્યાગ કરો. વ્યસનથી દૂર રહો. નશાની આદતથી મગજની માંસપેશીઓ નબળી થાય છે. બી કોમ્પ્લેક્સ કે બી ૧૨ ની ઉણપ હોય તો તેની ગોળીઓ કે ઈન્જેક્શન, ફોલીક એસિડની ઉણપ હોય તો ડૉક્ટરની સલાહ મુજબ દવા કે ઈન્જેક્શન લેવા.

ઑફિસમાં કામ કરનાર ફક્ત ખુરશી પર બેસી ન રહેતાં, શક્ય હોય તો વચ્ચે હલનચલન કરવું, લંચ સમય દરમ્યાન આંખ પર પાણીની છાલક મારવી. આમ કરવાથી આંખના જ્ઞાનતંતુને રાહત થવા ઉપરાંત મગજના જ્ઞાનતંતુ પણ શાંત થશે. ગમે તે રીતે દિવસ દરમ્યાન હલન ચલન વધારો, સામાજીક સંપર્ક વધારો. પરિવારના, મિત્રોના, ઓળખીતાઓના સંપર્કમાં રહો. મુદ્દાથી વાતચીત કરો. નકામી નિંદાથી દૂર રહો.

આમ નિષ્ક્રીય બેસી રહેવાને બદલે મગજ સક્રિય રીતે કામ કરે તેવી પ્રવૃત્તિઓ વધુ કરીએ, નિયમિત જીવન જીવીએ, કસરત, પ્રાણાયામ, યોગા, ભ્રામરી પ્રાણાયામ, ૐકાર નાદ કરીએ. બી કોમ્પ્લેક્સ ધરાવતા પદાર્થ વધુ લઈએ. જંક ફૂડ, ઠંડા પીણા, બજારુ-હૉટલના ખાણાને બદલે ઘરનો પૌષ્ટીક ખોરાક લઈએ, ટેન્શન ફ્રી જીવન જીવીએ, વ્યસનથી દૂર રહીએ, પુરતી શાંત ઉંઘ લઈએ અને ભૂલકણાપણા અને અલ્ઝાઈમર્સને દૂર ભગાડીએ.


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

શ્રી મહાવીર એમ્બ્રોઈડરી
માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537
• સાચી /ટેસ્ટેડ જરીની સાડીઓ - ચણીયા ચોલી
• ઘરચોળાની બોર્ડરો - ભારે પાનેતર
• પારસી હાથ અને મશીનની ૩૦૦ રેડી સાડીઓ
• તૈયાર તેમજ ઓર્ડરથી પણ
સોમવારે બંધ

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ || || શ્રી ચંદ્રપ્રભ સ્વામી નમઃ || || શ્રી વાસુપૂજ્ય સ્વામી નમઃ ||

# જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મોટી ખાવડી





## શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયની
## ૧૧૧મી ધ્વજા મહોત્સવે
## મોટી ખાવડી મુકામે હેતભર્યું

# આમંત્રણ



અખંડ ૫૧ વર્ષીતપારાધક,
તપચક્રવર્તી, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ. પંન્યાસ પરમયશ વિજયજી મ.સા.
પ.પૂ. મુનિરાજ શ્રી પરમરૂચી વિજયજી મ.સા.
(પૌત્ર મ.સા.)

પ.પૂ.સા. શ્રી મહોદયાશ્રીજી મ.સા.
પ.પૂ.સા. શ્રી યશોદયાશ્રીજી મ.સા.
પ.પૂ.સા. શ્રી ચૈત્યન્યરક્ષિતાશ્રીજી મ.સા.
(દોહિત્રી મ.સા.)
પ.પૂ.સા. શ્રી અધ્યાતમનંદીશ્રીજી મ.સા.
(પૌત્રી મ.સા.)

વીર સંવત ૨૫૪૩, શ્રાવણ સુદ-૫, શુક્રવાર, તા. ૨૮.૦૭.૨૦૧૭ થી શ્રાવણ સુદ-૬, શનિવાર, તા. ૨૯.૦૭.૨૦૧૭

**સામૈયા તથા ધ્વજા દર્શન સવારે ૮:૩૦ કલાકે સ્થળ : મોટી ખાવડી બસ ડેપોથી-જિનાલય સુધી**

**અનુષ્ઠાન તવારીખ**

શ્રાવણ સુદ-૫, શુક્રવાર, તા. ૨૮.૦૭.૨૦૧૭ સવારે ૮:૩૦ કલાકે ધ્વજાનું સામૈયું અને નગરયાત્રા
બપોરે ૧૨:૩૯ કલાકે : જિનાલય શુદ્ધિકરણ અને ૧૮ અભિષેક સાંજે : પરમાત્મા ભક્તિ ભાવના

શ્રાવણ સુદ-૬, શનિવાર, તા. ૨૯.૦૭.૨૦૧૭ સવારે - ૯:૦૦ કલાકે : સત્તરભેદી પૂજા અને
શુભ મુહૂર્તે ધ્વજા આરોહણ સાંજે : પરમાત્મા ભક્તિ ભાવના

વિધિકાર અને સંગીતકાર : ભોંયણી તીર્થની સંગીત મંડળી પરમાત્માના સ્તવનની રમઝટ કરાવશે

શ્રી મોટી ખાવડી જૈન સંઘ શુક્રવાર, તા. ૨૮.૦૭.૨૦૧૭ થી શનિવાર, તા. ૨૯.૦૭.૨૦૧૭ દરમ્યાન બે દિવસીય સાધર્મિક ભક્તિ રહેશે તથા હાલાર પ્રદેશના બધાજ ગામના સંઘોને તા. ૨૯.૦૭.૨૦૧૭ના રોજ વાહનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.



**❖ ૧૧૧ ધ્વજા મહોત્સવ તેમજ સંપૂર્ણ અનુષ્ઠાનના લાભાર્થી પરિવાર ❖**

**માતુશ્રી ગોમાબેન હેમરાજ દેવરાજ લોડાયા** તથા

**શ્રીમતી જયવંતીબેન માલસી દેવરાજ લોડાયા**

હસ્તે : શ્રીમતી જયશ્રી ઉત્તમ લોડાયા, શ્રી મહેન્દ્ર માલસી લોડાયા



પરમાત્માના આ અણમોલ અનુષ્ઠાનમાં પધારવા આપ સૌને હાર્દિક વિનંતી.

**લિ. શ્રી હેમરાજ દેવરાજ લોડાયા તથા શ્રી માલસી દેવરાજ લોડાયા પરિવાર**

શ્રી મહેન્દ્ર લોડાયા - ૯૮૨૦૫૧૧૫૯૫ **સંપર્ક** શ્રી યશવંત લોડાયા - ૯૮૭૦૦૫૭૫૮૫

સર્વે ગામવાસીઓને જાણ થાય કે આ વર્ષે પણ આપણે મોટી ખાવડી મધ્યે પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન ૯ (નવ) દિવસ નવકારશી, સ્વામિવાત્સલ્ય અને ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે. તો આપ સર્વે માદરે વતન પધારી લાભ આપશોજી. આપની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવા પુણ્યનું ભાથુ બાંધવા ઉપરોક્ત કાર્યમાં સ્વેચ્છાએ શ્રી ટ્રસ્ટીગણ પાસે આપનો ફાળો લખાવશોજી.

સંવત ૨૦૭૩-૭૪ (ભાદરવા સુદ-૨૦૭૩ થી શ્રાવણ વદ-૨૦૭૪) સુધીના અષ્ટ પ્રકારી પૂજાના એક વર્ષના નકરા નીચે મુજબ રાખેલ છે. વહેલા તે પહેલાના ધોરણે તા. ૧૦.૦૮.૨૦૧૭ સુધી ટ્રસ્ટીશ્રીઓ પાસે નોંધાવવા નમ્ર વિનંતી. ત્યારબાદ અનુકુળતા હશે તો નામ લેવામાં આવશે.

પક્ષાલ પૂજા માસિક નકરો રૂા. ૧,૫૦૦/-, અંગ લૂછણા-પાટ લૂછણા માસિક નકરો રૂા. ૫૦૦/-, કેસર-સુખડ પૂજા માસિક નકરો રૂા.૩,૧૦૦/-, ધૂપ પૂજા માસિક નકરો રૂા. ૧,૧૦૦/-, દીપક પૂજા માસિક નકરો રૂા. ૨,૧૦૦/-રાખેલ છે.

**લિ. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મોટી ખાવડી વતી પ્રમુખશ્રી તથા ટ્રસ્ટીગણ**

# શ્રધ્ધાંજલિ







જન્મ :
તા. ૧૦ સપ્ટેમ્બર
૧૯૪૨

અવસાન :
તા. ૬ જુલાઈ
૨૦૧૭

## સ્વ. મધુરિકાબેન જેઠાલાલ આણંદજી નાગડા

વારાપધર

જ્યેષ્ઠ સુપુત્રી
**માતુશ્રી ચંપાબાઈ**
**રાયચંદ અશારીયા સાયલા**
સુથરી



જ્યેષ્ઠ પુત્રવધુ
**માતુશ્રી પુરબાઈ**
**આણંદજી નાગડા**
વારાપધર

-: શોકાકુલ :-

## સાયલા તથા નાગડા સમસ્ત પરિવાર

## ભારત સરકાર દ્વારા અપાતી સ્કૉલરશીપ મેળવવા માટે માઈનોરિટી હેલ્પ ડેસ્ક

જણાવતા ખૂબ આનંદ થાય છે કે આ વર્ષે પણ સ્કોલરશીપ પોર્ટલ શરૂ થઈ ગયેલ છે. દરેકને વિનંતી કે આપના બાળકોની સ્કોલરશીપ માટે ઓનલાઈન ફોર્મ ભરી શકો છે. સ્કોલરશીપ ધો. ૧થી Phd સુધી દરેકને મળી શકે છે.

વેબસાઈટ : **www.scholarships.gov.in**

જેમને ગયા વર્ષ સ્કોલરશીપ મળી છે તેમને રિન્યુઅલમાં જઈ ગયા વર્ષના આઈડી થી Apply કરવાનું છે. ગયા વર્ષે સ્કોલરશીપ મળી છે પણ સ્કોલરશીપ સ્કીમ બદલવી, સરનામું કે સ્કૂલ કોલેજ બદલાઈ ગયા હોય કે મોબાઈલ નં. બદલાય અને ગયા વર્ષે સ્કોલરશીપ નથી મળી તેમને ન્યૂ યુઝર (New User)માં રજીસ્ટ્રેશન કરવું.

૧) New User વાળા ઑપરેશનમાં જઈ રજીસ્ટ્રેશન કરવાનું છે. ધોરણ ૧૦ સુધી પ્રી-મેટ્રિક સ્કોલરશીપ અને ૧૧ અને ૧૨ અને ગ્રેજ્યુએટના અભ્યાસક્રમો :

BA, B.Com, B.CA, B.Sc. વિદ્યાર્થી માટે પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ અને ઉચ્ચ અભ્યાસક્રમો Medical Eng., Master Degree વિદ્યાર્થીઓ માટે મેરીટ કમ મિન્સના ઑપશનમાં જઈ ફોર્મ ભરવું. ગયા વર્ષે જેમને ૫૦% થી વધુ માર્ક્સ આવ્યા છે તે જ આ ફોર્મ ભરી શકશે.

નીચેના દસ્તાવેજોની જરૂર પડશે. રજીસ્ટ્રેશન વખતે OTP પાસવર્ડ આવશે જે સાથે રાખવો.

નવા રજીસ્ટ્રેશન કરતા જ ૧૭ આંકડાનો નમ્બર આવશે.

GJ201718.... જે ખૂબ સાચવી રાખવો. એક જગ્યાએ નોટ કરી લેવો. જો શક્ય હોય તો તમારા ઈમેઈલમાં સેવ કરી સાચવી રાખવો. LOGIN TO APPLY ઑપરેશનમાં જઈ આ રજીસ્ટ્રેશન નં અને પાસવર્ડમાં જન્મ તારીખ નાખી બાકીનું ફોર્મ ભરવું. રૂા. ૫૦,૦૦૦/- થી વધુ સ્કોલરશીપમાં સ્કેન કરેલ દસ્તાવેજો અપલોડ કરવાના છે. રૂા. ૫૦૦૦૦/- થી નીચેના સ્કોલરશીપ વાળાને દસ્તાવેજો શાળા કે કોલેજમાં જમા કરાવી તેના ઉપર મળ્યાની સહી લઈ લેવી. સાથે ફોર્મ ભર્યા પછીના પ્રિન્ટ આઉટની કૉપી જોડવી.

૧) ગયા વર્ષની માર્કશીટ ૨) આ વર્ષની ફી ની પહોંચ ૩) બાળકનું આધાર કાર્ડ અથવા બેન્ક ડિટેઈલ (રજીસ્ટ્રેશન વખતે જરૂર પડશે) ૪) બેન્કની વિગતો IFSC Code, બેન્કનું નામ, ખાતા નં. ૫) ડોમિસાઈલ સર્ટિફિકેટ ૬) જૈન હોવાનું બાળકનું ડેકલેરેશન ૭) આવક અંગે બાળકનું ડેકલેરેશન ૮) ઈન્સ્ટિટ્યુટ વેરીફિકેશન ફોર્મ ૯) ફોટો ૧૦) સહી

જો શાળા કે કોલેજ ફોર્મ સ્વીકારવાની ના પાડે તો ફોન નં.: 0120-6619540 અથવા ઈમેઈલ : helpdesk@nsp.gov.in પર સંપર્ક કરવો.

**ખાસ યાદ રાખો :** ૧) સ્કોલરશીપ એ આપણને માઈનોરિટીમાં મળેલ સવલત છે તેનો ઉપયોગ કરો.

૨) કદાચ ગયા વર્ષે સ્કોલરશીપ ના મળી હોય તો અફસોસ કરવાને બદલે આ વખતે ફરી APPLY કરવું.

૩) સ્કોલરશીપ એ તમારી ઉજ્જવળ કારકિર્દીને સપોર્ટ કરે છે. તે દાન નથી પણ ગુણવત્તાને કારણે મળે છે.

શ્રી જૈન એલર્ટ ગ્રુપ ઓફ ઈન્ડિયા આપને આ માટે જરૂરી માર્ગદર્શન માટે ચોક્કસ સહાય કરશે. નીચેના હેલ્પ ડેસ્ક વોલન્ટિયર દરરોજ આપને માર્ગદર્શન આપવા તૈયાર જ છે.

**સમય : સવારે ૧૦ થી સાંજે ૭ સુધી**

સંપર્ક : શ્રી જૈન એલર્ટ ગ્રુપ ઓફ ઈન્ડિયા ઓફિસ - 07927681317 / 07927680746, ઈમેઈલ : jainminority@jainalertgroupofindia.org

**સમય : રાત્રે ૮ થી ૧૦ :** હેતલભાઈ શાહ - 09427417299, પ્રજ્ઞેશભાઈ શાહ - 09426083001, શૈલેષભાઈ શાહ - 09998020495, ભવ્ય શાહ - 09157289680, રિધમ શાહ - 09974560672, આકાશ શાહ - 09879854311, ચિરાગભાઈ (ગોધરા) - 09427807738, સની શાહ - 09429024354,

## શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ

### મંજલ રેલડીયાની નિયાણીઓ જોગ...

શ્રી મંજલ રેલડીયાની મુંબઈમાં તથા મુંબઈની બહાર વસતી સર્વે ક.દ.ઓ. તથા ક.વિ.ઓ. નિયાણીબેનોએ પોતાનું સંપૂર્ણ નામ, એડ્રેસ તથા ફોન નંબર અને માવિત્રનું નામ નીચેના આપેલ સંપર્ક સૂત્રો પર એસ.એમ.એસ. અથવા વોટસઅપ કરવા વિનંતી. **લક્ષ્મીચંદ પાસુ ગોસર - ૯૮૨૦૩ ૫૨૩૯૧, રમેશ ખીમજી ગોસર ૭૦૨૧૮૧૪૦૫૨, ૯૩૨૩૫૯૨૮૫૧ તથા પ્રફૂલ ધનજી લોડાયા - ૯૯૨૦૫૬૦૦૩૨** ને ખાસ જણાવવા વિનંતી. જેનાથી મંજલ ગામે થતા દરેક કાર્યક્રમની જાણકારી આપને સુપેરે પહોંચાડી શકાય.

લગભગ ઘણી નિયાણીબહેનોના સરનામાં અમને મળી ગયેલ છે, છતાં હજુ કોઈપણ બાકી રહી ગયા હોય તો સત્વરે મોકલવા વિનંતી.

મંજલ ગામે નૂતન નિર્માણ થનાર ભોજનશાળા તથા અતિથિગૃહના વિવિધ ચડાવાનો કાર્યક્રમ તથા મંજલવાસીઓ અને નિયાણીબેનોનું સ્નેહમિલન **રવિવાર, તા. ૨૬-૧૧-૨૦૧૭** ના રોજ **રામજી અંદરજી વાડી, માટુંગા (સે.રેલ્વે)** મધ્યે નવકારમંત્ર આરાધક શ્રી નરેન્દ્રભાઈ નંદુના રાહબરી હેઠળ યોજાનાર છે.

ઉપરોક્ત પ્રસંગે સર્વે મંજલવાસીઓ તથા નિયાણીબેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ...

રવિવાર, તા. ૨૬-૧૧-૨૦૧૭ આપની ડાયરીમાં ખાસ નોંધી રાખશો....તે દિવસે અન્ય કોઈ કાર્યક્રમ ન ગોઠવતાં સ્નેહમિલનમાં પધારવા અદકેરું આમંત્રણ પાઠવીએ છીએ.

**લી. શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ - ટ્રસ્ટીશ્રીઓ**

# બે શબ્દોનો સંબંધ

– ગિરીશ ગણાત્રા



યુવાન પુત્રી ઘરથી દૂર, બહારગામ ભણવા જાય ત્યારે એ કોઈ પણ માતા માટે ચિંતાનો વિષય બની જાય. પુરુષોને માતાની આ વેદના ન સમજાય એ સ્વાભાવિક છે કારણ કે સંતાનના લોહી-માંસથી બંધાયેલા પિંડની સાથે પિતા કરતાં માતાનો વધુ સંબંધ હોય છે. જન્મ્યા પછી સંતાનની ડુંટી સાથે બંધાયેલું પેલું નાડું કપાતાં માતાની લાગણીના સંબંધો કંઈ કપાઈ જતા નથી!

મારી પુત્રીને ન છૂટકે મારે હોસ્ટેલમાં રહી ભણવાની સંમતિ આપવી પડી એ માત્ર એના ભવિષ્યને કારણે જ. પુત્રી સારું ભણે, ઉચ્ચ કેળવણી લે અને કોઈ સુપાત્ર સાથે જીવન જોડે એ જોવા માટે તો માતા તલસતી હોય જ છે.

મેં મારી પુત્રીને બહારગામ ભણવા જતાં પહેલાં એની પાસે એક શરત મૂકી હતી કે એણે અઠવાડિયે બે પત્રો અવશ્ય લખવા. દરેક પત્રમાં એણે મને એના અંતરની વાત લખવી. કોઈ પણ મૂંઝવણ હોય તે બેધડક જણાવવી જ. પણ આધુનિક યુવતી એની જુનવાણી માતાની વેદના સમજવા સજ્જ હોતી નથી. એ ખુદ માતા નહિ બને ત્યાં સુધી સંતાન સાથેના લાગણીના સંબંધો નહિ જ સમજી શકે. સતત માતા-પિતાની દેખરેખ નીચે ઊછરેલી, શાળાએથી કે સખીઓને ઘેરથી મોડી આવવા બદલ ઠપકો સાંભળતી કે સત્તર સત્તર વર્ષથી 'આ નહિ કરવાનું' કે 'આમ જ કરવાનું' જેવા હુકમો સાંભળવા ટેવાયેલી યુવતીને જ્યારે મુક્ત ગગન મળે ત્યારે માતાની શિખામણો કે હુકમોનું એ કેટલે અંશે પાલન કરવાની?

મારી પુત્રી શેફાલી પણ ધીમે ધીમે મારી સૂચનાઓને હળવાશથી લેવા લાગી. શરૂઆતનો એકાદ મહિનો એણે મારાં સૂચનોનું પાલન કરી દર અઠવાડિયે બે પત્રો (અલબત્ત, બહુ ટૂંકા) લખતી કારણ કે સરનામાવાળાં કવરો મેં જ લખી આપેલાં એટલે; પણ પછી એ બહેનબા ફોન-સેવાનો લાભ લેવા લાગ્યાં. દર અઠવાડિયે રવિવારે એ ફોન કરતી. સવારે નવ વાગે એ અચૂક ફોન કરે અને અઠવાડિયાની આપવીતી સંભળાવે. ચાલો, આટલું યે કરે છે જાણી મને સંતોષ થયો.

પણ એક બુધવારે બપોરે ચાર વાગે એણે ઘરના ફોનની ઘંટડી રણકાવી. શેફાલીનો અવાજ સાંભળી મને નવાઈ લાગી અને ફાળ પણ પડી. કોઈ દિવસ આવે સમયે ફોન ન કરનારી શેફાલીને શું કામ પડ્યું હશે? મેં 'હેલ્લો' કહ્યું કે તરત જ મારો અવાજ પારખી

*વરસાદી છાંટાને ગણવા શીખવાડો સરવાળો, આ બીજગણિત ને ભૂમિતિમાં આવે છે કંટાળો,*
*પૂછો ના બસ એક મીટરના થાય કેટલા ફૂટ, વાદળની ટાંકીના કહો તો દઈ દઈએ ઘનફૂટ,*
*આ સ્કેવરરૂટ ને ક્યુબરૂટમાં થાય બહુ ગોટાળો, વરસાદી છાંટાને ગણવા શીખવાડો સરવાળો.*

શેફાલી ગભરાટભર્યા આવેજ બોલી, 'મમ્મી, મમ્મી, મારી રૂમ-પાર્ટનર હેતલ ખરીને, તે એણે આજે બપોરે કશુંક પીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો છે...'

'એ જીવે છે ? ભાનમાં છે ?' મારાથી રહેવાયું નહિ.

'હા જીવી ગઈ પણ અત્યારે સૂતી છે. હું અને મારી ક્લાસ સ્ટુડન્ટ બપોરે રૂમ પર આવ્યાં ત્યારે એ બેભાન હતી. એના મોંમાંથી ફીણ નીકળતું હતું. પાસે કોઈ બોટલ પડેલી.... અમે બધી સ્ટુડન્ટ્સ એકઠી થઈ એને ઊંધી કરી ઊલટી કરાવી. એક જણ બાજુમાંથી ડૉક્ટરને બોલાવી લાવ્યું. ડૉક્ટરની સારવારથી એ બચી ગઈ છે પણ એમણે અમને સલાહ આપી કે આ બનાવની પોલિસને જાણ કરવી....'

'ડોન્ટ ડુ ધેટ. એવું ન કરતી.' હું ત્વરાથી બોલી ઊઠી, 'પોલિસમાં ફરિયાદ કરશો તો નાહકની એ છોકરી છાપે ચડી જવાની એ પછી એના વિશે ખોટા ખોટા અહેવાલો પણ છપાય....'

'તો શું કરીએ ?'

'તમારી મેટ્રનને જાણ કરો. મેટ્રન કેવી છે.'

'આમ તો એ બિચારાં સારાં બાઈ છે. કુંવારા છે, લેક્ચરર છે અને હૉસ્ટેલના કૉર્નરમાં એમનું ક્વાટર છે....'

'હમણાં એ ક્યાં હશે ?'

'કૉલેજમાં. એમને લેક્ચર્સ લેવાનાં ને!'

'સારું, હેતલ જાગે ત્યાં સુધી તું એની પાસે જ બેસજે. ઊઠે ત્યારે સાંત્વન આપજે અને કહેજે કે તારી મમ્મીને તારી બહુ ચિંતા થાય છે...'

'પણ એને મમ્મી જ નથી. એ તો ઘણા વખત પહેલાં અવસાન પામી છે.'

'નથી પામી' મેં અફર અવાજે કહ્યું, 'તારી રૂમ પાર્ટનર એટલે એ મારી પણ પુત્રી કહેવાય. સાંજ સુધીમાં એને મારો પત્ર મળી જશે... શું નામ કહ્યું એનું ?'

'હેતલ.... પણ મમ્મી, સાંજ સુધીમાં તું અહીં પત્ર કેવી રીતે પહોંચાડી શકશે ?'

'કેમ બહેન, ટેલિગ્રામ સર્વિસ છે ને ! હમણાં જ એને પત્ર લખું છું. મોડી સાંજ સુધીમાં એને ટેલિગ્રામ મળી જશે. જોકે એ થોડો લાંબો હશે પણ એની ચિંતા ન કરવી. તું એની સારવારમાં જ રહેજે. કંઈ પણ અઘટિત થાય તો મને ફરી ફોન કરતાં અચકાતી નહિ. મેટ્રનને સમજાવી એની સારવાર કરજો.'

ફોન મૂકયો. મારું માતૃત્વ સહસા જાગી ઊઠ્યું. હેતલ નામની આ છોકરીની મેં માત્ર તસવીર જોઈ હતી. શેફાલી અને હેતલે એ તસવીર કૉલેજ હૉસ્ટેલના બિલ્ડીંગ પાસે ખેંચાવેલી એ એણે મને મોકલી આપેલી. મેં આલ્બમ લઈ એમાંથી હેતલ અને શેફાલીની પેલી તસ્વીર કાઢી. કેવી સરસ નમણી, નિર્દોષ છોકરી હતી એ! અરેરેરે, બિચારી માથે કેવી વિકટ સમસ્યા આવી પડી હશે તે મૂંઝવણમાં

*મિલકતની ખાતાવહીમાં લખવાની છે બૂમો, વ્યાજ અમારા આંસુ છે, ને મુદ્દલમાં છે ડૂમો,*
*રોજમેળ શીખવોને માસ્તર માથું ના ખંજવાળો, વરસાદી છાંટાને ગણવા શીખવાડો સરવાળો,*
*કૂટપ્રશ્નો લઈ ઝાડ ઊભું, ઉત્તરની પૂછે રીત, વિસ્તરણ સમજાવો, મારે ફેલાવાની પ્રીત.*

મુકાઈને આવું પગલું ભરી બેઠી હશે ? હું પણ મૂંઝાઈ ગઈ કે જે છોકરીને હું ક્યારેય મળી નથી એને હું શું લખું ?

તસવીરમાંની એ છોકરીને હું તાકી તાકીને જોઈ રહી. એના ગળે હાથ ભેરવીને ઊભેલી મારી પુત્રીને પણ મેં જોઈ. મને એક ખરાબ વિચાર પણ આવી ગયો કે આ હેતલની જગાએ મારી પુત્રી શેફાલી હોત તો ? મારામાં રહેલો એક માતાનો જીવ ઊછળી આવ્યો. તુરત જ મેં પેડ હાથમાં લીધું અને ટૂંકા વાક્યોમાં હેતલને સંબંધીને નાનકડો પત્ર લખવાનું શરૂ કર્યું. પત્ર લખતી વખતે હેતલ અને શેફાલી સેળભેળ થવા લાગ્યાં. પણ આ છોકરીને હું શું લખું ? બહુ વિચારીને મેં પત્રનો આરંભ કર્યો

'મારી વ્હાલી દીકરી હેતલ,

તને સારું લગાડવા માટે મેં તને આ સંબોધન નથી કર્યું. વાસ્તવમાં તું ભલે શેફાલીની બહેનપણી હો, હું તો તને એની બહેન જ ગણું છું. માતા વિનાની છોકરીની માતા બનવાની તેં મને તક આપી એ બદલ હું તારી ઋણી રહીશ. તારી સાથે સુખ-દુઃખમાં ભાગીદાર થવા હું સજ્જ છું. ચાલ, હું તું અને શેફાલી સાથે હસીએ, રડીએ, વિચારીએ, મૂંઝવણોમાંથી માર્ગ કાઢીએ, એકબીજાને સમજીએ અને ઈશ્વરે આપેલા આ અમૂલ્ય જીવનની રક્ષા કરીએ.

હું તારી માતા છું, તારી સખી છું. સોળ વર્ષની ઉંમર પછી સંતાનોને સમજવા એના મિત્ર બનવું જોઈએ. મને પણ એમ જ લેખજે. ભલે આપણે દૂર હોઈએ પણ મનમાં વિચારજે કે હું સદાય તારી સાથે જ છું. આવ, મને એક બીજી પુત્રીની માતા બનવાનું સૌભાગ્ય આપ, મારા સ્ત્રીજન્મની સાર્થકતા કર.

તારી વ્હાલી માતા.'

આ ટેલિગ્રામ રવાના કરી મેં મારા મનની વ્યગ્રતા ઓછી કરી. કાશ આ છોકરીના હૃદયમાં મારા શબ્દોરૂપી બીજ બરાબર રોપાય.

રાત્રે દસ વાગે ફોનની ઘંટડી રણકી. શેફાલી ઉષ્માસભર બોલી રહી હતી - મમ્મી, હેતલને તારો ટેલિગ્રામ રૂપી પત્ર મળી ગયો. એ વાંચીને એ ખૂબ રડી, મને ભેટી પડી, ક્યાંય સુધી એ મને વળગીને બેઠી રહી. એ પછી મને કહે - શેફુ, મારે મમ્મી જોડે વાત કરવી છે, અમે મેટ્રનની રજા લઈ ફોન-બૂથ પર આવ્યાં છીએ. તું એની સાથે વાત કર. શેફાલીએ હેતલને ફોન આપ્યો, પણ તે રિસીવરમાં એ માત્ર એટલું જ બોલી શકી - મમ્મી.

આટલે દૂર બેઠા હું હેતલને કલ્પી શકું છું. રિસીવરમાં મને માત્ર એનાં ડૂસકાં જ સંભળાયાં. એક છેડે એ રડતી હતી અને બીજે છેડે હું.

એક પણ વધુ શબ્દની આપ-લે વિના અમે બન્ને રડતાં રહ્યાં. અમારી લાગણીના તાર બરાબર જોડાઈ ગયા હતાં. એ ચાર-પાંચ મિનિટની વાતોમાં ટેલિફોનના તાર પર માત્ર બે જ શબ્દ વહી રહ્યા હતા - મમ્મી... મારી

(અનુસંધાન પાના ૧૮ ઉપર)

*જગ આખામાં છાંયો કરવા જોશે કેટલી ડાળો ? વરસાદી છાંટાને ગણવા શીખવાડો સરવાળો,*
*આ સંબંધોના સમીકરણમાં આવે મોટી બાધા, વહાલ ઉમેરી આપો અમને બાદ કરી દો વાંધા,*
*મારાથી માણસને ગુણું તો શું મળશે તાળો ? વરસાદી છાંટાને ગણવા શીખવાડો સરવાળો.*

## શ્રી અરજણ ખીમજી નેશનલ હાઈસ્કુલ એન્ડ જુનીયર કૉલેજ – ખામગાંવ અમૃત મહોત્સવ ઉજવાયો

ઈ.સ. ૧૯૪૨માં સ્થાપિત ધી નેશનલ એજ્યેકેશન સોસાયટી ખામગાંવમાં ઈ.સ. ૧૯૫૮માં આપણી જ્ઞાતિના શ્રેષ્ઠીવર્ય શ્રી અરજણ ખીમજીની સ્મૃતિમાં શ્રી ભવાનજી શેઠે ઉદારદાન આપીને શ્રી અરજણ ખીમજી નેશનલ હાઈસ્કુલનું નામકરણ કરાવ્યું હતું. વડીલોએ વાવેલું આ વિદ્યારૂપી બીજ આજે વટવૃક્ષ બન્યું છે.

આપણી જ્ઞાતિના અગ્રણીઓ ડૉ. શ્રી લક્ષ્મીચંદ નાગડા, શ્રી આણંદજી નાગડા, શ્રી દામજીભાઈ વિકમશી તથા ગોવિંદજી નાગડાએ સોસાયટીના અધ્યક્ષપદે બહુમુલ્ય સેવાઓ આપી શિક્ષણની ઉમદા સેવા બજાવી છે. જે ખૂબજ ગૌરવની વાત છે.

વર્તમાન સમયમાં ધી નેશનલ એજ્યુકેશન સોસાયટીના અધ્યક્ષપદે આપણી જ્ઞાતિના શ્રી ચેતનભાઈ ગોવિંદજી લોડાયા સેવા આપી રહ્યા છે તે ઉપરાંત શ્રી પશ્મીનભાઈ નાગડા સભ્ય તરીકે, શ્રી મનોજભાઈ નાગડા કોષાધ્યક્ષ તરીકે તથા શ્રીમતી કુંજનબેન લોડાયા સંચાલક તરીકે સેવાઓ આપી રહ્યા છે.

૧૯૮૯માં શ્રી દામજી આણંદજી વીકમશીઓ ફક્ત બે કોમ્પ્યુટર લઈને પત્નીના નામે ''સરોજ કોમ્પ્યુટર વીંગ'' શરૂ કરી જે આજે ૧૦૦ કોમ્પ્યુટર થી સુસજ્જ આધુનિક તાલમેલ સાથે ઈ-લર્નીંગ, NIIT, MHCIT, અને લેંગ્વેજ લેબ થી પરીપૂર્ણ છે.

ધી નેશનલ એજ્યુકેશન સોસાયટી પરિસરમાં શ્રી અરજણ ખીમજી હાઈસ્કુલ એન્ડ જુનીયર કૉલેજ ઉપરાંત મહિલા વિદ્યાલય, બી.એડ. કૉલેજ, જેવા વિભાગો કાર્યરત છે. આજે વિદર્ભ પ્રાંતમાં સૌથી મોટી સ્કુલ કે જેમાં ૬૦૦૦ વિદ્યાર્થી ધોરણ ૫મી થી ૧૨મી સુધી ભણી રહ્યા છે.

હાલમાં ૨૨-૨૩-૨૪ એપ્રીલ ૨૦૧૭માં સંસ્થાએ ૭૫ વર્ષ પુરા કર્યા. એ પ્રસંગે ત્રિદિવસીય અમૃત મહોત્સવ કાર્યક્રમ યોજાયો હતો.

### શ્રી પ્રવિણ માણેકજી મૈશેરી, રાયપુર



શ્રી પ્રવિણ માણેકજી મૈશેરીએ રાયપુર ખાતે કુશાભાઉ ઠાકરે પત્રકારિતા એવમ્ જનસંચાર વિદ્યાલયના પંડિત દીનદયાલ ઉપાધ્યાય માનવ અધ્યયન શોધ પીઠના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. એ પ્રસંગે કુલપતિ શ્રી ડૉ. માનસિંઘજી પરમાર, સાંસદ તથા વનવાસી કલ્યાણ આશ્રમના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગદેવરામ – ઉરાંવ તથા અન્ય માન્યવરો ઉપસ્થિત હતા.

### કચ્છ અને હૈદરાબાદ વચ્ચે સીધી રેલ સેવા માટે રજુઆત



હૈદરાબાદ ખાતે પધારેલા ગુજરાતના માજી મંત્રી, કચ્છ માડવીના ધારા સભ્ય શ્રી તારાચંદભાઈ છેડાને આવેદન પત્ર આપી કચ્છ અને હૈદરાબાદ વચ્ચે સીધી રેલ સેવા માટે રજુઆત કરવામાં આવી હતી. પ્રાણીમિત્ર રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશન તરફથી શ્રી તારાચંદભાઇનું સ્વાગત કરવામાં આવ્યું હતું.


**દિવાળી વેકેશનમાં કેરલા જવા વિચારો છો ? જલદી કરો ! અમારો સંપર્ક સાધો.**

**મેહુલ બી. મેશેરી - હોલીડે પ્લાનર્સ**

એ.બી. સાલેમ રોડ, જ્યુ ટાઉન, કોચીન, કેરલા.

**MOB: 07736025429, 08129945429**

- અથીરમપલ્લી
- કોચીન
- મુન્નાર
- ઠેક્કડી
- એલપી
- કોવાલમ
- કન્યાકુમારી
- ત્રિવેન્દ્રમ


### ધન્ય જિનશાસન... ધન્ય સંસ્કૃતિ... ધન્ય પરિવાર... ધન્ય દંપતિ...

માતુશ્રી પ્રજ્ઞાબેન મુલચંદભાઈ પાસડનો સુપુત્ર મેહુલકુમાર ધર્મ પામ્યો. કર્મ સંજોગે કચ્છ બગડાના ઉષાબેન મહેશ છેડાની દિકરી ધ્વની સાથે લગ્નગ્રંથિથી જોડાયા. સંસારમાં રહીને પણ શાસનને લક્ષમાં રાખી જિનાજ્ઞાના પક્ષમાં રહી લગ્નના દિવસે પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા, પ્રભુનો અભિષેક સ્નાત્રપૂજા, સાંજે પ્રતિક્રમણ, બ્રહ્મચર્ય વ્રતનું પાલન, આયંબિલનો તપ, સાંજે ગુરૂ પાસે જઈ પૌષધવ્રત, રાત્રિ ભોજન ત્યાગ (જિંદગીભર) જેવો ઉંચો આદર્શ આપ્યો.

અનુમોદક : ગુણસિન્ધુ પરિવાર, જિનાજ્ઞા પરિવાર, દેવ પરિવાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### જખૌ સમાચાર

તપોગચ્છીય આ.ભ. નેમીસૂરી સંપ્રદાયના કચ્છ સુથરીના આ.ભ. યશોભદ્રસૂરી મ.સા.ના આજ્ઞાવર્તી શિષ્ય (કચ્છ જખૌના શ્રી શાંતીલાલ ઠાકરશી લોડાયા), પૂ.આ.ભ. શ્રેયાંશ સૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા બે દાદા દરબારે દર્શનાર્થે પધારતાં જ્ઞાતિજનોએ ઉમળકે વંદન કર્યા હતા. તેઓશ્રીનું ચાતુર્માસ ડોંબિવલીમાં રાખી જિનાલયે છે.

### ચાતુર્માસ પ્રવેશ

અ.સુ. પાંચમના પૂ.સા.શ્રી. ધર્મપ્રિયાણીજી મ.સા. આદી ઠાણા ચારનું ચા.મા. ઢોલ શરણાઈના સૂરે ભારી ઉમળકે કરવામાં આવ્યું. વરસતી વર્ષાએ સામૈયે શ્રાવકો શ્વેત અને શ્રાવિકાઓ બાંધણીના પહેરવેશે સજ્જ ધજ્જ થઈને પધાર્યા હતા. સંખ્યા બંધ મહિલાઓએ બેડા શણગારે અને ગહુંલીએ આવ્યા હતા.

દર્શન વંદન માંગલીક અને પ્રાસંગિક પ્રવચને શ્રી સંઘે આવકાર આપ્યો. સૂત્ર જ્ઞાનાસારનો લાભ માતુશ્રી પ્રેમીલાબેન લક્ષ્મીચંદ છેડા અને ચરિત્ર. શ્રમણ ભગવાન મહાવીરનો લાભ શ્રી હિરેન નવીનચંદ લાપશીયા મસ્જિદબંદરવાળાએ લેતાં પાંચ જ્ઞાનની ઉછામણીઓ પણ ચડતા પરિણામે રહી. ૩૯૦ જણે નવકારશીનો લાભ આપ્યો.

પ્રવેશ મહાજનભીના પદાધિકારીઓ અને ઘણા પરાના ભાવિકોના પગલા પડ્યા. પૂજ્યશ્રીએ પ્રભાવીક માંગલીક ફરમાવ્યું.

પર્વ પર્યુષણ દરમ્યાન ગયા વરસે જ આઠે આઠ દિવસ સ્વામીભક્તિના લાભાર્થી નામ આવી ગયેલ આ વરસે નીત્ય ચૌવિહાર અને તપસ્વીઓને તપના પારણાં કરાવવાનો લાભ અ.સૌ. માલતીબેન જયંત ભવાનજી સોનીએ લેતાં સંપૂર્ણ પર્વ દરમ્યાન સંપૂર્ણ ભક્તિ રહેશે.

સા.શ્રી કનકગુણાશ્રીજી મ.સા. અને સા. શ્રી હિરગુણાશ્રીજી મ.સા. ભાંડૂપના ચાતુર્માસ પ્રવેશે શ્રી સંઘના સભ્યો પૂર્ણ બસ લઈને સાન્તાક્રુઝ જઇ સહાયક દાતાના લાભાર્થી થયા.

તપચક્રવર્તિ અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદીના શ્રમણોના દેવલાલી મુકામે ચાતુર્માસ પ્રવેશે શ્રી સંઘના સભ્યો એક બસ દ્વારા શુભેચ્છાએ ગયા હતા. વળતાં નાશીક, પંચવટી, ધર્મચક્ર અને શાહપુર દર્શન કર્યા.

વડાલા અચલગચ્છના શ્રી અશોકભાઈ દંડ ના સહયોગે ચાલવાની તકલીફવાળા જરૂરત મંદોને ટેકણ લાકડીઓ અપાઈ

### વર્ધમાનનગરે મહાકાળી માતાજીની ભાવના

પૂ. સાધ્વીશ્રી દિવ્યકિરણાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી હર્ષકિરણાશ્રીજી મ.સા. આદિઠાણા-૨ની શુભ પાવન નિશ્રામાં ચાતુર્માસ પ્રારંભે જૈનોનાં વર્ધમાનનગર મધ્યે માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર હસ્તે જયાબેન પી. મુનવર પરિવાર દ્વારા અચલગચ્છઅધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભાવનાં યોજાઇ હતી. પ્રવિણ ગોર એન્ડ પાર્ટીએ ભાવનામાં ભારે રમઝટ જમાવી હતી. જયાબેન મુનવર, અમિતા જૈને માતાજીનાં સ્તવનો રજુ કર્યા હતા. રાસ-ગરબાની ભારે રમઝટ જામી હતી. વ્યવસ્થામાં ભુપેશ શાહ, કીરીટ શાહ, હીરાચંદ છેડા, દિલીપ મોતા, અભય ધરમશી તથા સર્વે કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

### શ્રી ક.દ.ઓ. મહિલા મંચ ખામગામ-શેંગાવ

મંચની જૂન મહીનાની મીટીંગ ૨૫/૬/૨૦૧૭ના અધ્યક્ષ સૌ. કુંજનબેન લોડાયાના અધ્યક્ષપદે લેવામાં આવી જેમાં ક.દ.ઓ. સમસ્ત મહાજન સાથે અષાઢીબીજની ઉજવણી વિવિધ સ્પર્ધાઓ દ્વારા કરવામાં આવી. પ્રથમ શ્રી મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવી. ત્યાર બાદ ''કોન બનેગા કચ્છાધીપતી'' જ્ઞાનવર્ધક ગેમ સૌ. હર્ષા મનોજ નાગડા અને સૌ. નયના દંડ દ્વારા રમાડવામાં આવી. એના વિજેતા શ્રીમતી શોભનાબેન શીરીષ નાગડા રહ્યા. સાથે-સાથે નાના છોકરાઓ માટે ચિત્ર દોરવાની સ્પર્ધા લેવામાં આવી. એનો વિષય ''કચ્છ મેરા ગાંવ'' જેમાં મોટા ગ્રુપમાં પ્રથમ રિધ્ધી રજનીશ નાગડા અને દ્વિતીય નીરલ પશ્મીન નાગડા આવેલ. નાના ગ્રુપમાં પ્રથમ ચિ. દુઆંશ સ્વર વિકમશી આવેલ. રંગભરો સ્પર્ધામાં પ્રથમ ભૂમી વિવેક લોડાયા અને દ્વિતીય ભ્રીતી અંકુર વિકમશી આવેલ. દરેક સ્પર્ધકને બક્ષીશ આપવામાં આવેલ. ગહુલી સ્પર્ધા લેવામાં આવી એમાં ૧૧ જણાએ ભાગ લીધો. નાના ગ્રુપમાં પ્રથમ નિરલ નાગડા અને દ્વિતીય નેહા મોમાયા રહેલ. મોટા ગ્રુપમાં પ્રથમ સૌ. સીમા લોડાયા અને દ્વિતીય જતીન લોડાયા રહેલ. સીનીયર સીટીઝન માટે પેપર ગેમ રાખેલ જેમાં પ્રથમ શ્રીમતી હેમાબેન લોડાયા અને દ્વિતીય અહમદનગર થી પધારેલ મહેમાન રતનબેન કુરૂવા રહ્યા. જેન્ટસ માટે પેપર ગેમ ૧૦૦

રૂા. ની નોટની માહીતી ઉપર રાખેલ જેમા પ્રથમ મુકેશ દંડ અને દ્વિતીય લકી દંડ રહેલ. ઉપરોક્ત ગહુલી સ્પર્ધાના જજ સૌ. તૃપ્તીબેન લોડાયા અને સૌ. વર્ષા લોડાયા રહેલ. આમ આખી સાંજ અવનવી રમતો દ્વારા બધાએ માણી. ઈનામ વિતરણ મહાજન પ્રમુખ શ્રી વિજયભાઈ નાગડા દ્વારા કરવામાં આવેલ. અને વિશેષ સહયોગ મળ્યો સેક્રેટરી હેતલ નાગડા અને ખજાનચી તેજલ મોતા દ્વારા આભાર પ્રદર્શન સૌ. પ્રેરણા નાગડાએ કરેલ..

**શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)**

પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના કૃપા અને પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના કરેલ. તેમજ પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટ સમાજમાં પોતાના કાર્યો ખૂબજ સરળતા પૂર્વક કરી રહેલ છે. ચાલીસગામ મધે દર બુધવારના ગરીબોને ભોજન કરાવવાનું કાર્ય ચાલે છે.

બુધવારના એક દિવસ નકરાના દાતા : ૧) મહેન્દ્ર રતીલાલ નાગડા (મુંબઈ), ૨) પલક હિતેશ શાહ (વિદ્યાવિહાર), ૩) ગિરિશ મેઘજી લોડાયા (સેલુ), ૪) ધર્મિતા મેઘજી ગિરિશ લોડાયા, (ચિ. કેતકીના જન્મદિવસ નિમિત્તે - ડોંબીવલી - રવા), ૫) માતુશ્રી લિલબાઈ કરમશી લોડાયા હસ્તે સોમચંદભાઈ (મુલુંડ - મોટી ખાવડી), ૬) વર્ષા કુમારભાઈ સોની (જુહુ), ૭) મનીષ ભવાનજી શાહ (ચાલીસગામ-જન્મદિવસ નિમિત્તે, ૮) રાજ પારસભાઈ બેડમુથા (મુંબઈ)

**સાંયરા**

સાંયરામાં ૭-૭-૨૦૧૭ના બપોરના ૩ વાગે ઉપાશ્રયમાં માતુશ્રી સરલાબાઈ ગંગાજર મોમાયા પરિવાર તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ. જેમાં રતીલાલભાઈ ધ્રોળ, પ્રેમચંદભાઈ મોમાયા, તબલચી મહેન્દ્રભાઈ લોડાયા, કસ્તુરીબાઈ લોડાયા, તોરલબેન લોડાયા સારી રમઝટ બજાવેલ.

પૂ. સાક્ષી કલ્પકિરણાશ્રીજી મ.સા. કાળધર્મ પામ્યા જેના આત્મપ્રયાર્થ માતુશ્રી ધનબાઈ દામજી રાઘવજી લોડાયા હસ્તે નરેન્દ્રભાઈ તરફથી સવારના ૧૦ વાગે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પુજા ભણાવામાં આવેલ.

બપોરના ૩ વાગે સમૂહ સામાયીક રાખવામાં આવેલ. ૮-૭-૨૦૧૭ના અષાઢ સુદ ૧૫ પૂનમના માતુશ્રી સરલાબાઈ ગંગાજર મોમાયા તરફથી સ્વામીવાત્સલ્ય જમણ થયેલ.

**ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝની કારોબારીમાં મૂળ કચ્છના વતની શ્રી મહેન્દ્ર સુધાકરભાઈ શાહની નિમણુંક**

ભાવનગરના જાણીતા ઉદ્યોગકાર અને ભાવનગર ડીસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝ સાથે ૩૦ વર્ષથી સંકળાયેલા અને ચેમ્બરના જુદા જુદા હોદા પર જવાબદારી સંભાળી હાલમાં સંસ્થાના ચેરમેન તરીકે ફરજ બજાવતા શ્રી મહેન્દ્ર સુધાકરભાઈ શાહની ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની શૈલેશભાઈ પટવારીના પ્રમુખપણા નીચેની ૮-૭-૨૦૧૭ની કારોબારી સમિતિએ મહેન્દ્રભાઈની કો.ઓપ સભ્ય તરીકેની વરણી કરી છે.

ભાવનગરના અગ્રણી એવા મહેન્દ્રભાઈ મૂળ કચ્છ નલીયાના વતની અને ઘણા વર્ષોથી ભાવનગરને કર્મ ભૂમિ બનાવેલ છે. હાલમાં તેઓ ચેમ્બર સિવાય ભાવનગર કચ્છ સમાજના સંસ્થાપક પ્રમુખ તરીકે ૩૧ વર્ષથી કામગીરી કરી રહ્યા છે. જી.ઇ.આર.સી.ની સપ્લાય કોડ રીવ્યું પેનલમાં છેલ્લા નવ વર્ષથી ઉદ્યોગોના પ્રતિનિધી તરીકે કામગીરી કરે છે. અને વીજ વપરાશકારોના હિતનું રક્ષણ કરી જરૂરી સુધારાઓ કરે છે. ગુજરાત ચેમ્બરમાં છેલ્લા બે વર્ષ પહેલા સતત ૧૨ વર્ષ સુધી કારોબારી સભ્ય તરીકે જવાબદારી વહન કરે છે.

શ્રી મહેન્દ્રભાઈની ગુજરાતના મુખ્ય મહાજનમાં, કારોબારી સમિતીમાં વરણી થતા ભાગનગરના વેપાર ઉદ્યોગના પ્રશ્નોને ઉકેલવામાં મદદરૂપ થવાશે. ભાવનગર ઉદ્યોગ જગતમાં તેમની વરણી થી આનંદની લહેર પ્રસરી છે.

## પાસ થયા અભિનંદન


**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**સિમરન ચેતન રતાણી**
તેરા - પુના
B.Com - **76%**
Dip. in German - **B Grade**



**ભાવિક કે. ધરમશી**
ડોંબિવલી
S.S.C.
**88%**



**અંશ કૌશિક માણેકજી ડાઘા**
ડોંબિવલી - દલતુંગી
S.S.C.
**94.20%**



**કેવલી અનિલ સાયલા**
લુણી - ખંડવા (M.P.)
B.B.A
**70.86%**

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**(અંક ૨૪ માં ભુલ સુધાર)**

| | |
|---|---|
| **કુલીનકાંત લક્ષ્મીચંદ નાગડા** (PS 7313) | બી-૧૪૦૨, રાજયોગ રેસીડેન્સી, હીરજી નેણશી કમ્પાઉન્ડ, એસ. વી. રોડ, સિટી સેંટર પાછળ, ગોરેગામ (વે.), મુંબઈ-૪૦૦ ૧૦૪. મો.: ૦૯૭૭૩૭ ૭૨૭૮૦ |

## જીવનચક્ર

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૫-૧૭ | ખિરકીયા | હાર્દિકા, ચેતના અભય હરીશ નાગડા | લાલા | પુત્રી |
| ૧૫-૦૬-૧૭ | બેંગલોર | ગનવી, ધ્વની ઋષભ લોડાયા | સાંયરા | પુત્રી |
| ૧૯-૦૬-૧૭ | સાયન | દિયારા, ખુશ્બૂ રોમલ શાહ (ધરમશી) | સુથરી | પુત્રી |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૭-૧૭ | વિજયાપુર | મનીષ હરીશ પદમશી નાગડા | સાંધાણ | ૩૧ |
| | થાણા | ઉર્વી રાજેશ જયચંદ ધરમશી | સુથરી | ૨૯ |
| ૧૧-૦૭-૧૭ | મુલુંડ | હર્ષ વિજય શીવજી મૈશેરી | નાની સિંધોડી | ૨૬ |
| | સેંધવા | હેમાંગી ગિરીશ વીરેંદ્ર લાલકા | વારાપધર | ૨૫ |
| ૦૯-૦૭-૧૭ | ડોમ્બીવલી | અર્જુન મુકેશ જાધવજી ધરમશી | નલીયા | ૨૪ |
| | મુલુંડ | અવની અતુલ મેઘજી છેડા | નલીયા | ૨૦ |

**આંતરજ્ઞાતિય સગપણ છૂટા થયા**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૦૬-૧૭ | નાગપુર | જતીન વર્ધમાન નરપાલ મોતા | તેરા | ૨૯ |
| | યવતમલ | તેજલ નરેન્દ્ર શકલચંદ | યવતમલ | ૨૬ |

**આંતરજ્ઞાતિય લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૫-૧૭ | બોરીવલી | પાર્થ નિર્મલ હિંમતલાલ શાહ | નાગનેશ | ૨૬ |
| | નાસિક | હીના સુરેશ ગોવિંદજી દંડ | સુથરી | ૨૬ |
| ૨૬-૦૫-૧૭ | ધુલિયા | સ્મિત ભાવના હેમેન લોડાયા | જખૌ | ૨૩ |
| | ધુલિયા | નિકિતા મિનેશ પટેલ | આણંદ | ૨૧ |

## બે શબ્દોનો સંબંધ (અનુસંધાન પાના ૧૪ ઉપરથી)

મમ્મી.... દીકરી... મારી વ્હાલી દીકરી... જે શબ્દોમાં વ્યક્ત નહોતું એ બધું આ ડૂસકાંઓમાં વહેતું હતું. કોઈની લાગણીઓ સમજવા માત્ર શબ્દો જ સમર્થ નથી હોતા, અંતરમાંથી ઊઠતી લાગણીઓ એથી વધુ પ્રબળ હોય છે. એ દિવસ પછી હું બે પુત્રીઓની માતા બની.

શેફાલી અને હેતલ તો હવે અભ્યાસ કરી પોતાના મનપસંદ પાત્રો જોડે પરણી ગયાં છે. બન્ને સુખી છે, આનંદમાં છે.

એક દિવસ હેતલનો મારા પર પત્ર આવ્યો. આમ તો હેતલ અને શેફાલી જોડે હું સતત સંપર્કમાં છું. બન્ને બહેનો ઉત્સવ-તહેવારમાં ઘેર આવ-જા કરતી રહે છે, અમારું ઘર એ હવે હેતલનું ઘર બની ગયું છે.

હેતલનો પત્ર મળતા જ હું નાચી ઊઠી. હેતલ લખતી હતી મમ્મી, હું સગર્ભા છું. હું જે કુટુંબમાં પરણી છું એ કુટુંબમાં એક પ્રથા છે કે વહુની પહેલી સુવાવડ પિયરમાં જ થાય. મા, મારી સુવાવડ તું કરશે ?

એક અજાણી છોકરીની માતા બની રહેવા માટે હું ઈશ્વરનો આભાર માનું છું. હેતલનો પત્ર મળતાં જ મેં એને ફોન જોડ્યો. મારે એને કહેવું હતું કે 'બેટી, બહેન.... આવું પૂછવા માટે પત્ર લખાતો હશે ? ત્રણ-ચાર મહિનાનાં કપડાં બેગમાં ભરી ચાલી જ આવજે. તારા આવનાર સંતાનને પણ ભવિષ્યમાં થવું જોઈએ કે હું નાનીમાના ખોળામાં રમ્યો હતો....' મેં હેતલનો નંબર ડાયલ કર્યો.

* * *



# લગ્ન સબંધી

**ચિ. પ્રિયંક**
**પ્રકાશ માણેકજી લોડાયા**
ગામ : સાંધવ, હાલ : થાણા
**લોખંડવાળા પરિવાર**
જન્મ : ૧૦ માર્ચ ૧૯૯૦ (મુંબઈ)
Height : 5'.6"

**વ્યવસાય :** હાલ **Detroit** (Michigan-U.S.A.) **Clarion Corporation of America** (Tier one Automotive Co., Associated Company of Hitachi Ltd., Japan) Telematics Control Unit માં Engineer (Team Leader) તરીકે કામ કરે છે. **H-1B Visa** ધરાવે છે.

**શૈક્ષણિક :**

- Masters in **Electrical and Computer Science** from University of Illinois at Chicago in 2014.
- B.E. in **Electronics** from University of Mumbai in 2011.
- Diploma in **Electronics & Telecommunication** from Maharashtra State Board of Technical Education.

માતા : **પ્રીતી પ્રકાશ લોડાયા (Mob.: 098694 56989)**
પિતા : **પ્રકાશ માણેકજી લોડાયા (Mob.: 098200 73591)**
ભાઈ-ભાભી : **માધવી મયંક પ્રકાશ લોડાયા** (Detroit, Michigan - U.S.A.)
**પાર્થ પ્રકાશ લોડાયા** (Studing Law)
દાદાણા : **મણીબેન માણેકજી કેશવજી લોડાયા** (સાંધવ - લોખંડવાળા)
નાનાણા : **ધનલક્ષ્મીબેન શાંતીલાલ શીવજી મોતા** (લાલા)

**Hotel Seaview,** Alibaug

**વિદેશ જવા ઉત્સુક ઉચ્ચ અભ્યાસ કરેલ યુવતીઓના માતા-પિતા સંપર્ક કરે.**

**જાહેરાતનો હેતુ યોગ્ય પાત્રની પસંદગી**



# Hearty Congratulations

## મોતા તથા છેડા પરિવારનો ગૌરવ

**ચિ. જીતેન મોતા**
રાપરગઢવારી - આદિપુર

શ્રી આદિનાથ દાદા, અંબાઈ માતા અને ગુરૂજનોના
આશિષથી અમારા પરિવારનો
**જીતેન** એ **B.E. Civil Engineering** ની
પરીક્ષામાં **81.1%** મેળવી પરિવારનું ગૌરવ વધારેલ છે.
એ બદલે એને **ખૂબ ખૂબ અભિનંદન.**

**: શુભેચ્છક :**

માતા-પિતા : **અ.સૌ. અલ્પા પ્રતાપ મોતા**
ભાઈ : **ચિ. C.A. રોનક પ્રતાપ મોતા**
દાદાણા : **માતુશ્રી ધનબાઈ આણંદજી પાસવીર મોતા પરિવાર** (રાપરગઢવાર - આદિપુર)
નાનાણા : **માતુશ્રી સ્વ. રમીલાબેન સૂર્યકાન્ત વિશનજી છેડા પરિવાર** (જસાપર - આદિપુર)

**M/s. RONAK CONSTRUCTION**
CONSULTING ENGINEER & CONTRACTOR • M.: 09825209609

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (17-07-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## શ્રી ભવાનજી શેઠે પિતાશ્રી અરજણ ખીમજીની સ્મૃતિમાં ખામગાંવ ખાતે બંધાવેલી

# શ્રી અરજણ ખીમજી નેશનલ હાઈસ્કુલ અને જુનીયર કોલેજનો અમૃતમહોત્સવ ઉજવાયો



શ્રીમાન શેઠ અરજણ ખીમજી
૧૮૬૬ - ૧૯૩૧





શ્રીમાન શેઠ ભવાનજી અરજણ
૧૯૦૨ - ૧૯૭૦

## ભૂતકાળમાં સંસ્થાનું અધ્યક્ષપદ શોભાવનારા કે.ડી.ઓ. મહાનુભાવો



ડૉ. શ્રી લક્ષ્મીચંદ નરપાર નાગડા



શ્રી આણંદજી નરપાર નાગડા



શ્રી દામજી આણંદજી વિકમશી



શ્રી ગોવિંદજી નરપાર નાગડા

## સંસ્થાના વર્તમાન કે.ડી.ઓ. પદાધિકારીઓ



શ્રી ચેતનભાઈ લોડાયા - અધ્યક્ષ



શ્રી પશ્મીન નાગડા - સભાસદ



શ્રી મનોજ નાગડા - ખજાનચી



શ્રીમતી કુંજનબેન લોડાયા - સંચાલક



શ્રી અરજણ ખીમજી નેશનલ હાઈસ્કુલના અમૃત મહોત્સવ પ્રસંગે હું આપ સૌનું અભિવાદન કરું છું. ઈ.સ. ૧૯૫૮માં મારા દાદાજીની સ્મૃતિમાં મારા પિતાશ્રીએ આ વિદ્યાલયરૂપી છોડ વાવેલ હતું તે આજે વિદ્યા પ્રાપ્ત કરવાનું કલ્પવૃક્ષ બનીને સમગ્ર ખામગાંવ ક્ષેત્રમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવી રહ્યું છે. આ વિદ્યાલયને કલ્પવૃક્ષ બનાવવામાં સહયોગી બનેલા સર્વે સંચાલકો, દાનવીરો, આચાર્યો, શિક્ષકો, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા સમસ્ત ખામગાંવ વાસીઓનો અંતરથી આભાર વ્યક્ત કરું છું અને આ વિદ્યાલયની પ્રગતીને આકાશની ઉંચાઈએ પહોંચાડો એવી આશા વ્યક્ત કરું છું.

– શ્રી હંસ ભવાનજી અરજણ ખીમજી

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,